ડાયરેક્ટ ❤ સે

માનવી માટે
દુનિયાનું સૌથી મોટું
ટોનિક છે : જવાબદારી
બસ એકવાર પી લ્યો
જિંદગી આખી દોડી શકશો
થાકયા વગર

જન્મદિને વધામણી

જ્યોત્સનાબેન ભટ્ટ

પલ્લવીબેન ત્રિવેદી

તેજસ ગામીત
પ્રકૃતિ યુવા સંગઠન
મો. ૭૮૭૪૦ ૦૮૭૮૮

આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે

૨૪મીએ વીજળી અને પાણી વિષયે ૮૩મું પ્રવચન યોજાશે

વીજળી અને પાણી જેમ જીવના જીવન સમાન છે તેમ જ યોગ્ય સલામતીના અભાવે તે મારણ પણ બને છે

ગાંધીનગર, તા. ૨૧

'ભગવાને લોકોને જીવાડવા સારુ વરસાદ કર્યો છે, નહીંતર વરસાદ ક્યાં છે? એટલે પાણી એ તો જીવ પ્રાણી માત્રનું જીવન છે. વૈજ્ઞાનિકો કહે છે કે આ દુનિયાનો મોટો ભાગ પાણીથી છવાયેલો છે જેનો વિશાળ ભાગ દરિયાનું ખારું પાણી છે જે પીવાના કે ખેતીના કામમાં આવતું નથી. નદીનાં જળ પણ સૂકાઈ રહ્યાં છે. આટલા મોટા પાણીના જથ્થામાંથી પણ ૩% જેટલું જ પાણી પીવા યોગ્ય (Potable) છે. પાણીની ઉપલબ્ધિના આવા કટોકટી ભર્યા સમયમાં આપણે પાણીને વેડફીએ અને તેની યોગ્ય જાળવણી ન કરીએ એ તો પોતાના પગ ઉપર કુહાડો માર્યા બરોબર છે.

પાણીની જેમ વીજળી પણ મનુષ્યના દૈનિક જીવનનું એક અવિભાજ્ય અંગ છે. વીજળીના બિનજરૂરી ઉપયોગથી આજે વિજળી ખૂબ મોંઘી બની છે. તેનો યોગ્ય અને સમયોચિત ઉપયોગ આપણા વ્યવહારમાં રાહત આપી શકે છે.

વીજળી અને પાણી જેમ જીવના જીવન સમાન છે તેમ જ યોગ્ય સલામતીના અભાવે તે મારણ પણ બને છે.

આવી જીવન જરૂરિયાતની બહુ મોટી સમસ્યા 'વીજળી અને પાણી : બચત, જાળવણી અને સલામતી' વિષય પર આર્ષ અક્ષરધામ ગાંધીનગર દ્વારા આર્ષ પ્રવચનમાળા અંતર્ગત મ્છઁજી ઈજનેર અનુભવી સંતોમાંથી પૂ. શ્વેતપ્રકાશદાસ સ્વામી (સારંગપુર) તથા પૂ. નિર્મલમુનિદાસ સ્વામી (અમદાવાદ) માહિતીસભર મનનીય પ્રવચન તા.૨૪/૦૩/૨૦૧૮ના શનિવારે સાંજે ૦૪:૩૦થી ૦૭:૦૦ કલાક દરમિયાન અક્ષધામ હરિમંદિર ખાતે આપશે.

આ પ્રવચનનો લાભ લેવા સૌ રસજ્ઞોને સંસ્થા દ્વારા ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના

૨૫ વિદ્યાર્થીઓ "સેલ્સ ઈન્ડિયા"માં ઈન્ટર્નશીપ માટે પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજના ૪૬ વિદ્યાર્થીઓએ ભારતની રીટેલ મેનેજમેન્ટમાં ખ્યાતનામ નામના ધરાવતી કંપની સેલ્સ ઈન્ડિયામાં ઈન્ટરવ્યુ આપ્યા હતા જેમાંથી ૨૫ વિદ્યાર્થીઓની પસંદગી થઈ છે. વિદ્યાર્થીઓ પ્રાયોગિક તાલીમ સાથે માતબર સ્ટાઈપેન્ડ પણ મેળવશે, જેનાથી અભ્યાસ સાથે સાથે તેઓ અર્થોપાર્જન કરશે. જે અઆગામી અભ્યાસમાં તેઓને ઉપયોગી થશે. સમગ્ર તાલીમ બાબતનું માર્ગદર્શન આપવા સેલ્સ ઈન્ડીયાના આસીસ્ટન્ટ જનરલ મેનેજર હર્ષ આલમ ચંદાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને સેલ્સ ઈન્ડીયા બાબતે પ્રાથમિક માહિતી આપી હતી. તેમજ માર્કેટમાં કાર્ય કરવા માટેના કેટલાક ઉપયોગી સૂચનો કર્યા હતા. તમામ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ સેલ્સ ઈન્ડિયાની વિવિધ બ્રાંચમાં જોડાઈ તાલીમ લઈ રહ્યા છે તેમજ બીજા વિદ્યાર્થીઓ પણ આગામી ઈન્ટર્નશીપ ડ્રાઈવ દ્વારા પ્રતિષ્ઠિત કંપનીઓમાં જોડાવા માટે ઉત્સુક છે.

પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડો. જયેશ તન્નાએ જણાવ્યું હતું કે સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સ્કીલ ડેવલોપમેન્ટ ઉપર વધારે ભાર મુકવો જરૂરી બન્યો છે. આગામી દિવસોમાં રીટેલ સેક્ટરમાં માર્કેટિંગ સહીત સ્કીલ ડેવલોપ યુવાઓની ધંધાકીય ક્ષેત્રના અલગ-અલગ કાર્યો માટેની નિપુણ અને જ્ઞાનકૌશલ્ય વર્ધક મેનપાવરની તાતી માંગ ઉભી થનાર છે. ઉપરોક્ત ઈન્ટર્નશીપ થી તેઓના નોકરી મેળવવા માટે તેમજ ધંધાકીય એકમની સ્થાપના કરવામાં ખુબ ઉપયોગી સાબિત થશે.

કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા ૩૦ દિવસની સમર ઈન્ટર્નશીપ માટે પસંદગી પામેલ વિદ્યાર્થીઓ બાબતે જણાવાયું હતું કે સેલ્સ ઈન્ડિયાના નેટવર્કમાં કાર્ય કરવાનો તેમજ ફાયનાન્સ, માર્કેટિંગ સપ્લાય ચેન બાબતે વિસ્તૃત માર્ગદર્શન સાથે તલસ્પર્શી અભ્યાસ કરવાનો મોકો મળશે.

સમગ્ર ઈન્ટર્નશીપનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો આશિષ ભુવા, પ્રો. નિવેદિતા રાવલ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

કલાગુર્જરી દ્વારા શ્રીદેવીની યાદમાં ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

કલાગુર્જરી, ગાંધીનગરના ઉપક્રમે હિન્દી ફિલ્મ જગતની ખ્યાત અભિનેત્રી શ્રીદેવીને શ્રદ્ધાંજલી રૂપે તેની ફિલ્મોનાં જાણીતાં ગીતોનો એક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. આ અંગેની માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ એન પી પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સિનેજગતની લોકપ્રિય સુપરસ્ટાર શ્રીદેવીને શ્રદ્ધાંજલિ આપતો જાણીતા અને કર્ણપ્રિય ગીતોનો એક યાદગાર કાર્યક્રમ 'ચાંદની' આગામી તા.૨૫ માર્ચ ને રવિવારના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે.

દર્શના ગાંધી, રાગ મહેતા અને દેવર્શી સોનેજી રીશીન સરૈયાના સંગીત સંચાલનમાં શ્રીદેવીની ફિલ્મોનાં યાદગાર ગીતો પ્રસ્તુત કરશે. કાર્યક્રમનું સંચાલન મોહસીન શેખ દ્વારા કરવામાં આવશે.

સંસ્થાના સભ્યોને આ કાર્યક્રમ માણવા પધારવા માટે તેમણે ઈજન પાઠવ્યું છે. સંસ્થાના નવા વર્ષ ૨૦૧૮-૧૯ માટે સભ્યપદ ટાઉનહૉલ પર જ રાત્રે ૮.૦૦ વાગ્યાથી મેળવી શકાશે એમ તેમણે આ અંગેની માહિતી આપતાં વધુમાં જણાવ્યું છે.

બ્રહ્મસમાજ મહિલાપાંખ દ્વારા મહિલાદિન નિમિત્તે

રમતગમતનું આયોજન કરાયું

બ્રહ્મસમાજ મહિલાપાંખ દ્વારા મહિલાદિન નિમિત્તે રમતગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે કાનૂની શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદ્‌ગમ સંસ્થાના પ્રમુખ ડૉ. મયુર જોષી, જ્ઞાનદેવીબેન, વિમલાબેન અને સુધીરભાઈ દ્વારા મહિલાઓને પોતાના હક્કો અને કાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં. મોટી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત રહી આ શિબિરનો લાભ લીધો હતો.

રંગતાલ પ્રિસ્કૂલ દ્વારા વૃક્ષારોપણ અને ચિત્રસ્પર્ધાનું આયોજન કરાયું

આંતરરાષ્ટ્રીય વન દિવસ ૨૦૧૮ નિમિત્તે રંગતાલ પ્રિસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓના હસ્તે વૃક્ષારોપણ અને ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિસ્કૂલ દ્વારા નાનાં બાળકોને તુલસીક્યારાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રિસ્કૂલના સંચાલક અને રંગતાલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ મિલન પટેલ, ઉપપ્રમુખ અંજલી પટેલ, ટ્રસ્ટી બલભદ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે

રેડક્રોસના સોસાયટીના સહયોગથી વિદ્યાર્થિનીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ

ગાંધીનગર, તા. ૨૧

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બ્રાન્ચ અને શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ આયોજિત તથા સ્ટેટ રેડક્રોસના સંપૂર્ણ સહયોગથી થેલેસેમિયા સિકલસેલ પ્રિવેન્શન કંટ્રોલ એન્ડ રીસર્ચ પ્રોગ્રામ અનુસંધાને મહિલા કૉલેજની આર્ટ્સ-કૉમર્સ અને બીસીએની વિદ્યાર્થીઓનો થેલેસેમીયા ટેસ્ટ યોજાઈ ગયો.

કુલ ૪૩૨ વિદ્યાર્થિનીઓનું રજીસ્ટ્રેશન થયું. આર્ટ્સ ૨૫૧, બીસીએ ૭૧ અને બીકોમની ૪૯ મળી કુલ ૩૭૧ દીકરીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. સવારે ૯.૦૦ કલાકે મહિલા કૉલેજ, સૅક્ટર-૭ ખાતે શરૂ થયેલો કેમ્પ બપોરે ૧.૩૦ વાગ્યે પૂર્ણ થયો. કેમ્પને સફળ બનાવવા કૉલેજના પ્રૉફેસર અને રેડક્રોસના મોભી ડૉ. એન કે પટેલ દ્વારા બે દિવસ અગાઉથી થેલેસેમિયા જાગૃતિ સેમિનાર કરવામાં આવ્યો હતો. રેડક્રોસ ડીસ્ટ્રીક્ટ બ્રાન્ચના અશ્વિન દવે, હિતેશ રાવલ અને જીલુભા ધાધલે આ ઉપક્રમ માટે ખૂબ જહેમત ઊઠાવી હતી. કૉલેજના આચાર્ય ઊર્મિલાબેન ચૌધરી અને ટ્રસ્ટીગણ તરફથી ખૂબ સુંદર સહકાર મળ્યો હતો. રેડક્રોસ સ્ટેટ બ્રાન્ચની ડોક્ટર ટીમ વિજય પારેખ, વિજય રાવલ, હિતેન્દ્રસિંહ ચાવડા, દિગ્વિજય કટારાએ ખૂબ સારી સેવા બજાવી હતી.

સરસ્વતી વિદ્યાલય દ્વારા કવિતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

યુનેસ્કોના આદેશ મુજબ ૨૧ માર્ચનો દિવસ ૧૯૯૯થી વિશ્વ કવિતા દિન તરીકે ઉજવાય છે. આ દિવસની ઉજવણી સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યાલય દ્વારા કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ કવિતાગાન તેમજ કવિ પરિચય વિશે વક્તવ્ય આપ્યું હતું. શાળાના શિક્ષકોએ પણ ગુજરાતી ભાષાની ગદ્ય અને પદ્યની વિગતે સમજ બાળકોને આપી હતી. શાળાના આચાર્ય તેમજ પ્રમુખે પણ ગુજરાતીનું મહત્ત્વ તેમજ ગુજરાતી સાહિત્ય વિશે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા

પ્રેરણા વિદ્યાલયના ઉપક્રમે વિશ્વ ચકલી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા પ્રેરણા વિદ્યાલયના ઉપક્રમે વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંચાલક અનિલભાઈ પટેલ, હાર્દિકભાઈ મકવાણા અને તેમની ટીમ આ પ્રસંગે પ્રેરણા વિદ્યાલય ખાતે ઉપસ્થિત રહી હતી. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને લુપ્ત થતી જતી ચકલીની જુદી જુદી જાતો વિશેની વિસ્તૃત માહિતી આપી હતી તથા ચકલીના બચાવ અંગેનાં જુદાં-જુદાં પગલાં ભરવાનું સૂચન કર્યું હતું. ચકલી રહેવા માટે પોતાના ઘરમાં તથા આજુબાજુના વિસ્તારોમાં, જાહેર સ્થળોએ માળા બનાવીને મૂકવા તેમણે સૂચન કર્યું હતું. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ચકલી માટેના અલગ-અલગ પ્રકારના માળા બનાવી આ દિન માટે પોતાની લગન અને ચકલી માટેનો પ્રેમ વ્યક્ત કર્યો હતો. આ માળા પોતાના ઘરે લગાવવાની પ્રતિબદ્ધતા પણ તેમણે વ્યક્ત કરી હતી. શાળાના આચાર્ય મનીષભાઈ ખત્રીએ વિદ્યાર્થીઓને ચકલીના બચાવ માટે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

નટવર હેડાઉનું નવું પુસ્તક : રાજુનો તરખાટ



પુસ્તક પરિચય

કુંતલ નિમાવત

knn786@gmail.com

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધનની અને ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવાની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલે છે. અત્યાર સુધીમાં વિવિધ શ્રેણીઓ દ્વારા જુદા જુદા વિષયનાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. ગુજરાતી ભાષામાં બાળ-કિશોર સાહિત્યને ઉત્તેજન આપવા માટે પ્રસિદ્ધ સર્જક શ્રી ધીરુબહેન પટેલનું માર્ગદર્શન મળી રહ્યું છે.

વિશ્વકોશ દ્વારા બાળ-કિશોરને ઉપયોગી એવાં વિવિધ આયોજનોમાં એક આયોજનરૂપે વાર્તાલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. આમાં ગુજરાતી ભાષામાં લખાયેલી ચાલીસ હજારથી પચાસ હજાર શબ્દોમાં મૌલિક અને સળંગ લાંબી કિશોરકથા લખવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો હતો અને નવોદિત સર્જકોએ ભાગ લીધો. એ પછી નિર્ણાયકો દ્વારા આ તમામ કિશોર કથાઓ તપાસવામાં આવી અને પારિતોષિકો આપવામાં આવ્યાં. આ સ્પર્ધાની સાથોસાથ અમે કેટલીક કિશોર-કથાઓ પ્રકાશિત કરવાનો પણ વિચાર કર્યો હતો અને એ સંદર્ભમાં જાણીતા બાળ-સાહિત્યકાર અને પત્રકાર શ્રી નટવર હેડાઉની 'રાજુનો તરખાટ' કિશોર-કથા પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ. અમે તેમના આભારી છીએ.

આ શબ્દો નટવર હેડાઉ લિખિત પુસ્તક 'રાજુનો તરખાટ'ની પ્રસ્તાવનામાં કુમારપાળ દેસાઈ દ્વારા લખવામાં આવ્યા છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. અજય ઑફસેટ, અમદાવાદનું મુદ્રણ છે અને મુખ્ય વિક્રેતા છે ગૂર્જર સાહિત્ય ભવન, અમદાવાદ.

ઉલ્લેખનીય છે કે 'નટવર હેડાઉ' હાલ ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ છે અને 'ગાંધીનગર સમાચાર'ના કૉલમીસ્ટ પણ.

૩૦ પ્રકરણો અને ૧૧૬ પાનાંમાં આ વાર્તા વહેંચાયેલી છે. રાજુ નામના કિશોરના જીવન, ડહાપણ અને સાહસની વાતો આ પુસ્તકમાં વિગતે સમાવવામાં આવી છે.

પુસ્તકનું મુખપૃષ્ઠ કિશોર-કિશોરીઓની તસવીરો અને ક્લાસરૂમ બૉર્ડથી તૈયાર થયું છે. અખબાર હાથમાં લઈને બેઠેલા વાનરની એક તસવીર પણ મુખપૃષ્ઠ ઉપર મૂકવામાં આવી છે અને અવકાશમાં તરી રહેલા અવકાશયાત્રીની તસવીર પણ. કિશોર વયના વાચકોને આકર્ષવા માટેનો સંપૂર્ણ મસાલો મુખપૃષ્ઠ પર તૈયાર કરવામાં આવ્યો છે.

પુસ્તકનું મુદ્રણ સુંદર છે અને નટવર હેડાઉની કલમ પણ અસરકારક. કિશોર વાચકો માટે નિઃશંકપણે પુસ્તક વાચનનો ખજાનો બની રહે તેવું સક્ષમ છે.

કિંમત : રૂા. ૧૧૦/-